સુવિચાર : જેની પાસે સ્વાસ્થ્ય છે એની આશા અમર છે.. પણ જેની પાસે માત્ર આશા જ છે એ ખૂદ મરેલા જેવો છે - ચાર્લ્સ ડાર્વિન




આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૯૦ | ૯ જૂન, ૨૦૧૫, મંગળવાર ; જેઠ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પ્રવેશોત્સવ માટે ત્રણ અધિકારી અને એક ચેરમેન જિલ્લા માટે ફળવાયા

## જિલ્લામાં પ્રવેશોત્સવ માટે ૩૫ રૂટ નિયત કરાયા : ૨૦૨ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાશે : યોગ-પરિચય દર્શન કરાવતા બાળકો માટે અલાયદુ સ્ટેજ દરેક શાળામાં બનાવાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૧ થી ૧૩ જુન દરમ્યાન યોજાનાર પ્રવેશોત્સવમાં ત્રણ સનદી અધિકારીઓ અને પ્રવાસન નિગમના અધ્યક્ષશ્રી કમલેશ પટેલ ઉપસ્થિત રહેશે.

જિલ્લા તંત્ર દ્વારા પ્રવેશોત્સવ અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આજે અને ગઈકાલે એમ બે દિવસ તમામ શાળાઓના આચાર્યોની બેઠક કરી પ્રવેશોત્સવ વિશેના કાર્યક્રમની સમજ આપી દેવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની સ્કૂલોને આવરી લેતા કુલ ૩૫ રૂટ નિયત કરવામાં આવ્યા છે. એક દિવસે ત્રણ શાળાઓ આવરી લેવામાં આવશે. જિલ્લામાં પ્રવેશોત્સવ માટે અધિક મુખ્ય સચિવ શ્રી અરવિંદ અગ્રવાલ, શ્રી બી.બી. સ્વૈન અને શ્રી સી.વી. સોમ હાજરી આપશે.

જિલ્લાની જે પ્રાથમિક શાળામાં

● અનુસંધાન પાન-૭ પર

# રિસર્વેની કામગીરી નહિ કરનાર ૩૦૦ શિક્ષકોને નોટીસ

ગાંધીનગર, તા. ૮

જિલ્લાના માણસા તાલુકાના ૩૦૦ થી વધુ શિક્ષકોને શૌચાલયની સુવિધાના રીસર્વેની કામગીરીમાં નહિ જોડાવા માટે તંત્ર દ્વારા અપાયેલી નોટીસોના મુદ્દે શિક્ષક આલમમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

સ્વચ્છતા મિશન અંતર્ગત માણસા તાલુકામાં શૌચાલયની સુવિધા ધરાવતા ઘરોના રીસર્વે માટે તંત્રએ શિક્ષકોને કામગીરી સોંપી હતી. ૩૦૦ થી વધુ શિક્ષકોએ આ કામગીરી નહિ કરવાનો સામુહિક નિર્ણય કરી અધિકારીઓને જાણ કરી હતી. આથી તંત્ર દ્વારા આ તમામ શિક્ષકોને નોટીસ આપવામાં આવી છે.

શિક્ષકોએ આ અંગે શિક્ષકસંઘના હોદ્દેદારોનું ધ્યાન દોરી અને દરમ્યાનગીરી કરવા જણાવ્યું હતું. જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘે આ અંગે લેખિતમાં તંત્રના અધિકારીઓને રજુઆત કરી હતી પરંતુ તંત્રના અધિકારીઓ દ્વારા હજુ આ મુદ્દે કોઈજ નિર્ણય લેવામાં આવ્યો નથી.

મળતી વિગતો પ્રમાણે શિક્ષક સંઘે કોર્ટના ચુકાદાને ટાંકી ચૂંટણી સિવાય અન્ય કોઈ કામગીરી શિક્ષકને સોંપવી નહિ તેવી ઉગ્ર રજુઆત કરી છે. આ મુદ્દે જિલ્લાના વિવિધ પદાધિકારીઓને આવેદન પત્ર આપી લેખિત રજુઆતો પણ કરી છે.

જો આ પ્રશ્ન તાત્કાલિક નહિ ઉકેલાય તો આગામી દિવસોમાં આંદોલન છેડવાની વાત પણ શૈક્ષણિક વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

# સવારે વરસાદી માહોલ, બપોરે આકરો તાપ

## વાદળો છવાતા તાપમાન એક જ દિવસમાં સાત ડિગ્રી ઘટ્યું : બફારો વધ્યો

ગાંધીનગર, તા. ૮

ચોમાસાના આગમન પહેલા શહેરમાં વરસાદી વાતાવરણ બંધાયું હતું. સોમવારે સવારે આકાશમાં વાદળો ઘેરાતા વરસાદી માહોલ બંધાયો હતો. જો કે બપોર બાદ તડકો નીકળતા પુનઃ ગરમી અનુભવાઈ હતી. ભેજ વધતા બફારો ખુબ થતો હતો. વસાહતીઓ પરસેવે રેબજેબ થઈ ગયા હતા.

ગુજરાતમાં ચોમાસાના વિધિવત આગમન પહેલા પ્રિ-મોન્સુન એક્ટિવિધિ તેજ બની છે. છેલ્લા ઘણા દિવસોથી આકરો તડકો પડી રહ્યો છે. મહત્તમ તાપમાન ૪૨-૪૩ ડિગ્રીની આસપાસ રહ્યું છે. વસાહતીઓ ગરમીમાં હેરાન પરેશાન થઈ ગયા છે. આકરી ગરમીમાં રાહતરૂપ વાદળોથી આજે આકાશ છવાઈ ગયું હતું. ગઈકાલે સાંજે જોરદાર પવન ફુંકાયા બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. વહેલી સવારથી છેક બપોર સુધી વાદળો આકાશમાં ઘેરાયેલા રહ્યા હતા. બપોર બાદ ધીમે ધીમે વાદળો વિખેરાતા પુનઃ તડકો પડવા માંડ્યો હતો. તડકો પડવાનો શરૂ થતાં ભયંકર બફારો થતો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી ગયુ હતુ.



(તસવીર : દિપક જાની)

ચલો, સ્કૂલ ચલે હમ - નવા શૈક્ષણિક સત્રના મંગલાચરણે બાળકોના કલરવથી શાળાના પટાંગણો ગુંજી ઉઠ્યા... સમગ્ર સમાજ જીવનનો માહોલ ધબકતો બન્યો... વહેલી સવારથી બાળકોને મુકવા શાળાએ પહોંચેલા વાલીઓથી વાતાવરણ ધબકતું બન્યું હતું... જીવન ઘડતર માટે કેળવણી પાયાની પૂર્વશરત છે... અને પૂજ્ય બાપુએ કહ્યું હતું કે, કેળવે તે કેળવણી... આવો નવઘડતરના મહાયજ્ઞના સહભાગી બનીએ....

# સૌરાષ્ટ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની શક્યતા

ગાંધીનગર, તા. ૮

અરબી સમુદ્રમાં ડીપ ડીપ્રેશન વાવાઝોડામાં પરીવર્તીત થતાં રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં આગામી ૨૪ કલાક દરમ્યાન ભારે વરસાદ થવાની શક્યતા સેવાઈ રહી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અરબી સમુદ્રમાં ઉભુ થયેલ ડીપ ડીપ્રેશન વાવાઝોડામાં પરિવર્તિત થતાં આ ચક્રવાતને અશોબા નામ આપવામાં આવ્યું છે. અશોબા ચક્રવાત વેરાવળથી ૪૫૦ કી.મી. દૂર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વાવાઝોડુ ઓબાન તરફ ફંટાઈ તેવી શક્યતા છે. જો કે આ વાવાઝોડાની અસર ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં દેખાઈ તેવી શક્યતા છે. વાવાઝોડાને કારણે ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં ભારે પવન ફુંકાવા સાથે આગામી ૨૪ કલાક દરમ્યાન ભારે વરસાદ થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલ વાવાઝોડાને કારણે ગુજરાતના તમામ બંદરો ઉપર બે નંબરનું સિગ્નલ લગાડવામાં આવ્યું છે. તેમજ માછીમારોને દરિયો ન ખેડવા માટેની પણ ચેતવણી આપવામાં આવી છે. આ ઉપરાંત આવતા ૨૪ કલાકમાં વાવાઝોડુ ગુજરાતના દરીયાકાંઠાને ટકરાઈને પસાર થાય તેવી શકયતાને કારણે ૯૦ થી ૧૧૦ કી.મી. કલાકની ઝડપે પવન ફુંકાવાની શકયતા છે.

**જોઈએ છે**

કલર TV • કલર મોનિટર

જૂના બંધ હાલતમાં

સંપર્ક : શૈલેષભાઈ

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

# નારી સંરક્ષણ ગૃહની દિકરીઓનો લગ્નોત્સ મુખ્યમંત્રી ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવશે

અમદાવાદ, તા.૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, મંગળવાર તા. ૯ જુન-૨૦૧૫ના સાંજે અમદાવાદમાં મહિલા-બાળ વિકાસ કચેરી સંચાલિત નારી સંરક્ષણ ગૃહની ચાર દિકરીઓના લગ્નમાં ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવશે. અમદાવાદના બાપુનગરમાં ચદ્રપ્રસાદ દેસાઈ હોલ ખાતે આ લગ્નોત્સવ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના સહયોગથી યોજાઈ રહ્યો છે.

મુખ્યમંત્રી સાથે રાજયમંત્રીઓ શંકરભાઈ ચૌધરી, વસુબહેન ત્રિવેદી અને પ્રદિપસિંહ જાડેજા તથા અમદાવાદ શહેરના શહેરના ધારાસભ્ય તેમજ મેયર પણ ઉપસ્થિત રહી કન્યાઓને શુભેચ્છાઓ-આશીર્વાદ આપવાના છે.

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

ફોન : ૨૩૨૩૭૫૭૧

દેશની સૌ પ્રથમ આંતરિક સુરક્ષા માટેની યુનિવર્સિટી

**રક્ષા શક્તિ યુનિવર્સિટી**

(Exstablished by Govt. of Gujarat * recognized by UGC)

ન્યુ મેન્ટલ કોર્નર, મેઘાણીનગર, અમદાવાદ-૩૮૦૦૧૬

ફોન : ૦૭૯-૨૨૬૮૪૨૨૨, ફેક્સ : ૦૭૯-૨૨૬૮૩૭૬૨

www.rakshahsaktiunversity.edu.in / www.rsu.ac.in

-: આંતરિક સુરક્ષાના ક્ષેત્રમાં કારકિર્દી ઘડતર માટે ઉપલબ્ધ અભ્યાસક્રમો ૨૦૧૫-૧૬ :-

| અભ્યાસક્રમનું નામ | સમયગાળો | વાર્ષિક ફી | આવશ્યક લાયકાત | બેઠક સંખ્યા |
|---|---|---|---|---|
| ડિપ્લોમાં ઈન પોલીસ સાયન્સ (ગુજરાતી માધ્યમ) | ૨ સેમિસ્ટર | ૨૧૦૦૦ | કોઈપણ પ્રવાહમાં ધો.૧૨પાસ | ૧૫૦ |
| પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પોલીસ, સાયન્સ (ગુજરાતી માધ્યમ) | ૨ સેમિસ્ટર | ૨૧૦૦૦ | કોઈપણ પ્રવાહમાં સ્નાતક | ૪૦ |
| પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પ્રોસીક્યુશન (અંગ્રેજી માધ્યમ) | ૨ સેમિસ્ટર | ૨૧૦૦૦ | કાયદાના સ્નાતક | ૩૦ |
| બેચલર ઓફ આર્ટસ ઈન સીક્યુરીટી મેનેજમેન્ટ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ) | ૬ સેમિસ્ટર | ૧૦૦૦૦ | કોઈપણ પ્રવાહમાં ધો.૧૨ પાસ | ૪૦ (ગુજરાતી) ૪૦ (અંગ્રેજી) |
| એમ.એ. ઈન ક્રિમિનોલોજી (અંગ્રેજી માધ્યમ) | ૪ સેમિસ્ટર | ૩૦૦૦૦ | કોઈપણ પ્રવાહમાં સ્નાતક | ૨૫ |
| એમ.ટેક ઈન સાયબર સિક્યુરીટી (અંગ્રેજી માધ્યમ) | ૪ સેમિસ્ટર | ૫૦૦૦૦ | 55% makrs/5.5 ina 10 point સાથે B.E./B.Tech. (CE/CS/IT/ EC/ICT/Electronics), M.Sc.(CS/IT) or MCA | ૨૦ |
| એમ.એ. ઈન પોલિસ એડમિનિસ્ટ્રેશન (અંગ્રેજી માધ્યમ) | ૪ સેમિસ્ટર | ૩૦૦૦૦ | કોઈપણ પ્રવાહમાં સ્નાતક | ૨૫ |

નોંધ : અરજી ફોર્મના કવર ઉપર કોર્સનું નામ અવશ્ય દર્શાવવું

**પ્રવેશ ફોર્મ જમા કરાવવાની અંતિમ તારીખ : ૩૦/૦૬/૨૦૧૫**

**પ્રવેશ ફોર્મ મેળવવાના ઉપલબ્ધ વિકલ્પો :-**

(૧) રક્ષા શક્તિ યુનિવર્સિટી કચેરી, અમદાવાદ ખાતેથી કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન નિયત ફોર્મ ફી રોકડમાં ચુકવવાથી પ્રવેશ ફોર્મ મેળવી શકાશે.

(૨) રક્ષા શક્તિ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરીને ભરી શકાશે. આ કિસ્સામાં ભરેલા અરજી ફોર્મ સાથે નિયત ફોર્મ ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ઈન્ડીયન પોસ્ટલ ઓર્ડર (રજીસ્ટ્રારશ્રી, રક્ષા શક્તિ યુનિવર્સિટીના નામનો અમદાવાદ માટેનો) અત્રે મોકલવા.

(૩) ટપાલથી ફોર્મ મેળવવા નિયત ફોર્મ ફીનો ડીમાન્ડ ડ્રાફ્ટ / ઈન્ડીયન પોસ્ટર ઓર્ડર (રજીસ્ટ્રારશ્રી, રક્ષા શક્તિ યુનિવર્સિટીના નામનો અમદાવાદ માટેનો) તેમજ ૧૧ ટ ૫ નું પોતાના નામ, સરનામાવાળું રૂ. ૫/-ની પોસ્ટેજ સ્ટેમ્પવાળું ખાલી કવર અત્રે મોકલવાથી તે ઉમેદવારને અત્રેથી પ્રવેશ ફોર્મ મોકલવામાં આવશે. કવર ઉપર ........................ કોર્સ માટે ફોર્મ મેળવવાની અપજી એવું સ્પસ્ટ લખવું.

**પ્રવેશ પ્રક્રિયા :-**

પ્રવેશ મેરિટના ધોરણે આપવામાં આવશે. મહિલા ઉમેદવાર, એનસીસી (બી અને સી સર્ટિફિકેટ ધારકો) તેમજ રમતવીર ઉમેદવારોને ડિપ્લોમા પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે. નિયમાનુસાર અનામત બેઠકો રાખવામાં આવશે.

**સુવિધાઓ :-**

(૧) એસ.સી. / એસ.ટી. વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી નિયમાનુસાર શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર છે. (૨) ગાંધીનગરના રમણીય વિસ્તારમાં વ્યાજબી ફી થી હોસ્ટેલ સુવિધા તેમજ ટ્રાન્સપોર્ટેશન સુવિધા. (૩) કોમ્પ્યુટર લેબોરેટરી તેમજ આધુનિક લાયબ્રેરી. (૪) વાયરલેસ સેટ, સીસીટીવી, ડોર ફ્રેમ મેટર ડિટેક્ટર જેવા ઈલેક્ટ્રોનિક સાધનોનો પ્રાયોગિક અભ્યાસ કરાવવામાં આવે છે. (૫) સરકારશ્રી દ્વારા પોલીસ ભરતીમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને અગ્રતા આપવામાં આવે છે.

વધુ વિગતો માટે યુનિવર્સિટીની વેબસાઈટ જોવી. ક્રમાંક/સંમાનિ/અમદ/૪૦૩/૨૦૧૫

વિદ્યાર્થ પ્રવેશ, રક્ષાર્થ પ્રસ્થાન

